# ભાજપ પુન: હિંદુત્વના માર્ગે

## પરંપરાગત મતદારોને સાથે રાખીને નવા યુવા મતદારોને સામેલ કરવા વ્યૂહરચના : વિવિધ ધાર્મિક કાર્યક્રમો થશે : યુવાઓને જોડવાની નવી કવાયત શરૂ

નવી દિલ્હી,તા.૨૫

ભારતીય જનતા પાર્ટી લોકસભાની ચૂંટણીમાં મિશન ૨૭૨ની સાથે હિંદુત્વના માર્ગ ઉપર પરત ફરી છે પરંતુ આ વખતે નવા પેકેજીંગ પણ તૈયાર કરવામાં આવ્યા છે. ભાજપ યુવાઓને પોતાની વિચારધારાથી વાકેફ કરાવવાના હેતુસર નવી યોજના બનાવી રહી છે જેથી પરંપરાગત વોટરને સાથે રાખીને નવા વોટરને સામેલ કરવામાં મદદ મળી શકે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં મેજિક નંબરથી થોડાક અંતરે રહી ગયા બાદ ભાજપે જે આત્મનિરીક્ષણ કર્યું છે તેમાં જાણવા મળ્યું છે કે હિંદુત્વની જડમાં પરત ફરીને સત્તામાં વાપસી થઈ શકે છે. હાલમાં દિલ્હીમાં લોકસભાની સાત બેઠકો પૈકી એક પણ બેઠક ભાજપ પાસે નથી. આવી સ્થિતિમાં દિલ્હી પણ ભાજપ માટે પડકારરૂપ છે. આરએસએસના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે લોકસભા ચૂંટણીમાં દિલ્હીની સ્થિતિ બીજા રાજ્યો કરતા અલગ છે. અહીં હિંદુત્વના નામ ઉપર મત મેળવી શકાય નહીં. પરંતુ આનાથી ફાયદો ચોક્કસપણે મળી શકે છે. નરેન્દ્ર મોદીની વિકાસ પુરુષ તરીકેની પ્રતિષ્ઠાની સાથે સાથે ભાજપને પોતાની જડમાં પરત ફરવું પડશે. આનાથી પરંપરાગત વોટરોને સાથે રાખીને યુવા મતદારોને પણ સામેલ કરી શકાશે.

ભાજપે આગામી થોડાક મહિનાઓ માટે આક્રમક રણનીતિ તૈયાર કરી લીધી છે જેના ભાગરૂપે ધાર્મિક કાર્યક્રમો માટે લોકો સુધી પહોંચવાના પ્રયાસો કરાશે. આ પ્રકારના કાર્યક્રમોમાં યુવાઓને પણ સામેલ કરવામાં આવશે. આની શરૂઆત ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મ દિવસથી થઈ રહી છે. ૧૪મી જાન્યુઆરીના દિવસે મહાકુંભ સુંદર કાંડના કાર્યક્રમની તૈયારી ચાલી રહી છે. આ કાર્યક્રમ રામલીલા મેદાનમાં થશે જેમાં ભાજપના અનેક નેતા અને સંઘના પદાધિકારી હાજર રહેશે. રોહિણીમાં જે રીતે નરેન્દ્ર મોદીની રેલી થઈ હતી તેવી જ રીતે આ સુંદરકાંડનો કાર્યક્રમ યોજાશે. જેમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. કાર્યક્રમની તૈયારીમાં રહેલા એક નેતાએ કહ્યું છે કે ઘણા એલએડી સ્ક્રીન લગાવવામાં આવશે. બાળકો માટે અલગ ઝોન બનાવવામાં આવશે જેમાં બાલ હનુમાન, માય ફ્રેન્ડ ગણેશા જેવી ફિલ્મો દર્શાવવામાં આવશે. અંતિમ સ્ટેજને લઈને આયોજન કરાઈ રહ્યું છે. આધુનિક અને ડિઝીટલ સ્ટેજ બનાવવામાં આવશે.

# ઉત્તરાખંડમાં સફરજન અને બટાકાનો જથ્થો સડી ગયો

## ૧૨૦૦ ટનનો જથ્થો સડી જતા ચિંતાનું મોજું : માર્ગોની અતિ કફોડી હાલતના કારણે પ્રમુખ માર્કેટો સુધી પહોંચાડવામાં સફળતા મળી નહીં : બેદરકારી કારણરૂપ

દહેરાદૂન,તા.૨૫

ઉત્તરાખંડમાં જૂન મહિનામાં પૂરની સ્થિતિના પરિણામ સ્વરૂપે મોટાપ્રમાણમાં સફરજન અને જથ્થાને માર્કેટ સુધી પહોંચાડવામાં સફળતા મળી ન હતી જેના પરિણામ સ્વરૂપે આ જંગી જથ્થો નાશ પામ્યો છે. ઘણા માર્ગો પ્રદેશમાં હજુ પણ કિલોના ભાવે બટાકાની ખરીદી કરી લેવા સૂચના આપવામાં આવી હતી.



ઉત્તર કાશી, તહેરી, ચમોલી, રૂદ્રપ્રયાગ અને ચક્તા જિલ્લામાં ખેડૂતો પાસેથી ઉપરોક્ત કિંમતમાં સફરજન અને બટાકા ખરીદી લેવા માટે આદેશ કરાયો હતો. મોટી સંખ્યામાં લોકોને આના માટે કામે પણ લગાડવામાં આવ્યા હતા પરંતુ પરિવહનની યોગ્ય સુવિધા નહીં હોવાના લીધે બજારમાં આ જથ્થો પહોંચ્યો ન હતો.

બટાકાના પાકને નુકસાન થયું છે. ગઢવાલ મંડલ વિકાસ નિગમમાં જણાવવામાં આવ્યું છે કે ઉત્તરાખંડમાં જૂન મહિનામાં પૂરની સ્થિતિના પરિણામ સ્વરૂપે આશરે ૧૨૦૦ટન સફરજન અને બટાકાના પાકને ભારે નુકસાન થયું છે. તીવ્ર મોંઘવારીની સ્થિતિમાં જંગી નુકસાનને લઈને વહીવટી તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ છે. ગઢવાલ મંડલ વિકાસ નિગમ ઉપર આને લઈને આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. માર્ગોની અતિ કફોડી હાલતના પરિણામ સ્વરૂપે સફરજન અને બટાકાના જંગી ખૂબ જ કફોડી હાલતમાં છે અને તેમના ઉપરથી મોટા વાહનો પસાર થાય તેવી સ્થિતિ નથી જેના લીધે ગઢવાલ મંડલ વિકાસ નિગમને ભારે નુકસાન થયું છે. જીએમવીએનના જનરલ મેનેજર પ્રતાપ શાહે કહ્યું છે કે જીએમવીએનએ ઘણા વિકલ્પો ઉપર ચર્ચા કરી હતી પરંતુ કોઈ વિકલ્પ ન દેખાતા નુકસાનની સ્થિતિ સર્જાઈ છે. આ વર્ષે ઓગસ્ટ મહિનામાં સરકારી આદેશ જારી કરવામાં આવ્યો હતો જેમાં ૩૦ રૂપિયાની લઘુત્તમ કિંમતે સફરજન ખરીદી લેવા અને ૧૫ રૂપિયા પ્રતિ ખાલી મકાનમાં જંગી જથ્થાને મૂકાયો હતો પરંતુ આ જથ્થો હવે સડી ગયો છે. કેટલાક કેસોમાં વાહનો ભાડે લેવામાં આવ્યા હતા પરંતુ આ ખૂબ મોંઘી પ્રક્રિયા હતી. ખરાબ રસ્તાના કારણે ડ્રાઈવરો પણ ખૂબ ઊંડી કિંમત માગી રહ્યા હતા. મહિનાઓ સુધી આ જથ્થો પડી રહ્યા બાદ સડી ગયો છે. કોર્પોરેશનને ભારે નુકસાન થયું છે. કારણ કે રાજ્ય સરકાર કુલ રકમની માત્ર ૨૫ ટકા રકમ જ ચૂકવશે. જીએમવીએમના મેનેજિંગ ડિરેક્ટર રાજેશ કુમારે કહ્યું છે કે રાજ્ય સરકારે પ્રોજેક્ટ માટે અમારી પસંદગી કરી છે.

# વાજપેયીના જન્મદિને રાષ્ટ્રીય દિગ્ગજો દ્વારા શુભેચ્છા

નવી દિલ્હી,તા.૨૫

ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપુર્વ વડાપ્રધાન



અટલબિહારી વાજપેયીના જન્મદિવસની આજે દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી. વાજપેયીને પક્ષના નેતાઓએ શુભેચ્છા પાઠવી હતી. વડાપ્રધાન મનમોહનસિંહ પણ જન્મદિવસે વાજપેયીને શુભેચ્છા પાઠવનાર સૌથી પહેલાના લોકો પૈકીના હતા. સિંહ આજે સવારે ૧૨.૩૦ વાગ્યે વાજપેયીના ૬-એ ક્રિષ્નામેનન માર્ગનિવાસ સ્થાને પહોંચ્યા હતા અને આશરે ૨૦ મિનીટ સુધી ભાજપના પીઢ નેતા સાથે રહ્યા હતા. એનડીએમાં વાજપેયીના ડેપ્યુટી રહીચુકેલા અને ભાજપના વરીષ્ઠ નેતા એલકે અડવાણી પણ શુભેચ્છા આપવા માટે વહેલી સવારે જ પહોંચી ગયા હતા. વાજપેયી છેલ્લા ઘણા સમયથી અસ્વસ્થ થયેલા છે અને હાલમાં તેમના નિવાસ સ્થાનમાં જ રહે છે. તેમના જન્મદિવસે વાજપેયીને શુભેચ્છા આપવા માટે ઘણા લોકો રાહ જોઈ રહ્યા હતા. મોટાભાગના લોકો ગ્વાલિયરથી આવ્યા હતા જ્યાં વાજપેયીનો જન્મ થયો હતો. જ્યારે કેટલાક લોકો લખનઉમાંથી આવ્યા હતા. જે લોકસભામાં વાજપેયીના મતવિસ્તાર પૈકી છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પણ સવારે જ આ પ્રસંગે તેમને શુભેચ્છા આપવા માટે પહોંચી ગયા હતા. રાજસ્થાનના મુખ્યમંત્રી અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી વસુંધરા રાજે અને શિવરાજસિંહ ચૌહાણ પણ પહોંચ્યા હતા. ઉપરાંત પક્ષપ્રમુખ રાજનાથસિંહ, સુષ્મા સ્વરાજ, કારીયા મુંડા, નીતિન ગડકરી, અનંતકુમાર, હર્ષવર્ધન અને વિજેન્દ્ર ગુપ્તા પણ પહોંચ્યા હતા. ૨૫મી ડિસેમ્બર ૧૯૨૪ના દિવસે એક શિક્ષકના પરિવારમાં ગ્વાલિયરમાં વાજપેયીનો જન્મ થયો હતો. એક કવિ તરીકે વાજપેયી તેમની કેરીયર શરૂ કરી હતી. પત્રકારત્વમાં પણ રહ્યા હતા. દેશના સૌથી સન્માનિય નેતા પૈકી વાજપેયી હંમેશા રહ્યા છે.

# આફ્રિકા અને ભારત વચ્ચે આજથી ડર્બનમાં ટેસ્ટ મેચ

## પ્રથમ ટેસ્ટ મેચ અતિ રોમાંચક રહ્યા બાદ મોટી સંખ્યામાં ચાહકો પહોંચે તેવી સંભાવના : બંને ટીમો સાવધાન થઈ

ડરબન,તા.૨૫

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આવતીકાલથી ડરબનમાં બીજી ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. પ્રથમ ટેસ્ટ મેચ અતિ રોમાંચક તબક્કામાં પહોંચી ગયા બાદ અંતે ડ્રો જાહેર થતાં તમામ ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્તેજના રહી હતી. આ ટેસ્ટ મેચ છેલ્લા બોલ સુધી જોવા લાયક બની હતો. જોહાનીસબર્ગના વાન્ડસ મેદાન ઉપર પ્રથમ ટેસ્ટ મેચ અતિ રોમાંચક રહ્યા બાદ આવતીકાલથી શરૂ થતી ડરબનની કિંગ્સમેડ ટેસ્ટ મેચ પણ આવી જ રોમાંચક બને તેવી શક્યતા છે. પ્રથમ ટેસ્ટ મેચમાં બીજી ઈનિંગ્સમાં ૧૫૩ રન ફટકારનાર ચેતેશ્વર પૂજારા ઉપર ફરી એકવાર નજર રહેશે. વિરાટ કોહલીએ પણ ફોર્મમાં હોવાનો સંકેત આપ્યો હતો. જોહાનિસબર્ગ ટેસ્ટ પાંચે દિવસ ઉતાર ચઢાવવારી રહી હતી. છેલ્લી મેચ ઉપર નજર કરવામાં આવે તો જાણી શકાય છે કે બંને ટીમોએ ખૂબ જ પોઝિટીવ રમત રમી હતી. ઝહીર ખાનનો દેખાવ ઉલ્લેખનીય રહ્યો હતો.

ઈશાંત શર્મા સરેરાશ દેખાવ કરી રહ્યો હતો પરંતુ ચેતેશ્વર પૂજારા સંપૂર્ણપણે આત્મ વિશ્વાસ સાથે બેટીંગ કરી શક્યો હતો. ભારતીય ટીમને આફ્રિકન ઝડપી બોલરની કોઈ અસર દેખાઈ ન હતી. આફ્રિકન ઝડપી બોલર ડેલ સ્ટેન્ડ કોઈ વધારે ઘાતક સાબિત થઈ શક્યો ન હતો. ડિવિલયર્સ અને પ્લેસીસની બેટીંગના કારણે પ્રથમ ટેસ્ટ મેચ અતિ રોમાંચક તબક્કામાં પહોંચી હતી અને એક વખતે એવું લાગી રહ્યું હતું તે આફ્રિકા ટેસ્ટ મેચ જીતશે પરંતુ પ્લેસીસ આઉટ થયા બાદ મેચમાં વળાંક આવ્યો હતો. હાસિમ અમલા, જેક કાલીસ તેમની પ્રતિષ્ઠા મુજબ હજુ સુધી રમી શક્યા નથી. આવતીકાલથી શરૂ થતી ટેસ્ટ મેચ બંને ટીમો માટે પ્રતિષ્ઠાના જંગ સમાન રહેશે. ભારતીય ટીમમાં કોઈપણ ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

# ભારતીય વિદ્યાર્થીની સાથે પાકમાં ખરાબ વર્તન

નવી દિલ્હી,તા.૨૫

ભારતીય વિદ્યાર્થી સાથે પાકિસ્તાનમાં તેને જાસુસ તરીકે ગણાવીને તેની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. ભારતીય વિદ્યાર્થી ઈશરત નાવેદ અભ્યાસના સ્વપ્નને લઈને પાકિસ્તાન ગયો હતો પરંતુ ત્યાં તેની સાથે જે વર્તન થયું છે તેનાથી તમામ લોકો આઘાતમાં છે.

સાર્ક એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ પાકિસ્તાન ગયેલા નાવેદને તેના સુપર વાઈઝરે ભારતીય જાસુસ ગણાવીને તેનું અપમાન કર્યું હતું. સાથે-સાથે ભાવનાત્મક રીતે તેની સાથે બ્લેક મેલીંગની પ્રક્રિયા અપનાવી હતી. ભારતમાં નાની બહેનના મોત બાદ પણ તેને ભારત આવવાની મંજુરી અપાઈ ન હતી.

કાશ્મીરના બડગામનો નિવાસી નાવેદ બાયોટેકનોલોજીમાં પીએચડી માટે ૨૦૦૮માં પાકિસ્તાન ગયો હતો. સાર્કએક્સચેન્જ કાર્યક્રમ હેઠળ નાવેદને ઈસ્લામાબાદની પ્રતિષ્ઠીત કાયદે આઝમ યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યો હતો. પરંતુ ત્યાર બાદ તેની સાથે ખૂબ ખરાબ વર્તનનો સિલસિલો શરૂ થયો હતો. ભારતીય જાસુસ તરીકે ગણાવીને તેની સાથે ખરાબ વર્તન કરાયું હતું.

## સમાચાર ઝલક

- વિશ્વભરમાં નાતાલની ધામધૂમથી ઊજવણી.
- 'આમ' પાર્ટીમાં કોઇ મતભેદ કે મનભેદ નથી : અરવિંદ કેજરીવાલ.
- જમ્મુ કાશ્મીર, લદ્દાખ, હિમાચલ, સીમલામાં ઠંડીનાં પ્રકોપથી જનવ્યવહાર ખોરવાયો.
- પાકિસ્તાનના પૂર્વ પ્રમુખ પરવેઝ મુશર્રફની અપીલ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી.
- દહેગામ તાલુકાના પીંપળજ ગામની શાળામાં ચોરી.
- ભૂતપૂર્વ વડાપ્રધાન અટલબિહારીનો જન્મ દિવસ ઉજવાયો.
- મહેસાણામાં લગ્નપ્રસંગે પાર્ટીપ્લોટમાં ચોરી કરતાં બે ઇસમોને પોલીસે પકડ્યા.
- કાશ્મીરમાં ૬ લશ્કરી અધિકારીઓ સામે ૨૦૧૦માં થયેલા એન્કાઉન્ટર બાબતે કાર્યવાહી કરવાનો નિર્ણય.
- જયોર્જ ફર્નાન્ડીઝ, જયા જેટલી સામે સંરક્ષણ સોદાના કોઇ પુરાવા મળ્યા નથી : સીબીઆઇનો અહેવાલ.
- મોટેરામાં ૬ઠ્ઠી જાન્યુઆરીએ પતંગ મહોત્સવ યોજાશે.
- પ્રદૂષણ બાબતે કેન્દ્ર તથા ૧૯ રાજય સરકારોને સુપ્રીમ કોર્ટની નોટીસ.
- અંબાજી નજીક અકસ્માતમાં ૧૭ને ઇજા.
- ૨૦-૨૧ જાન્યુઆરીએ બેંક કર્મચારીઓની હડતાળ પડશે.
- મધ્યપ્રદેશમાં ૫ સીમીનાં કાર્યકરો ઝડપાયા.
- રણબીર કપૂર અને કેટરીના કૈફ અમેરિકામાં નવું વર્ષ ઉજવશે.
- કાંકરીયા કાર્નિવલનો આજથી પ્રારંભ થયો.
- કલોલ તાલુકાના શાબાશપુર ગામમાં મેલડી માતાના મંદિરમાંથી ૮ કિલો ચાંદીની ચોરી.
- વસ્ત્રાપુરમાં કારના કાચ તોડતી ૬ શખ્સોની ટોળકી ઝડપાઇ.
- ગુજરાતમાં 'આપ' પાર્ટીના કાર્યકરો સફાઇ ઝુંબેશ કરશે.
- જસ્ટીસ ગાંગુલીનો કેસ કેબીનેટમાં ચર્ચાશે.
- મુંબઇમાં પોલીસે બાર પર છાપો મારતાં ૮ છોકરીઓ ઝડપાઇ.
- મેક્સિકોમાં પુરથી ભારે તારાજી સર્જાઇ.
- કેજરીવાલની સોગંદવિધિમાં અણ્ણા હઝારે, કિરણ બેદી, પ્રશાંત ભૂષણને આમંત્રણ.

# ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનું મોજુ

## જનજીવન ઠપ થયું : ટ્રેન સેવાને પણ અસર થઈ : જમ્મુ કાશ્મીર, હિમાચલના ઉંચાણવાળા વિસ્તારોમાં બરફની ચાદર : તાપમાન ઘટ્યું

નવી દિલ્હી,તા.૨૫

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીના પરિણામ સ્વરૂપે લોકોની હાલત કફોડી બનેલી છે. એકબાજુ જમ્મુ કાશ્મીર અને હિમાચલના ઊંચાણવારા વિસ્તારોમાં ભારે



હિમવર્ષાથી પારો ગગડી ગયો છે. બીજી બાજુ દિલ્હીમાં ધુમ્મસના પરિણામ સ્વરૂપે ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. ધુમ્મસના પરિણામ સ્વરૂપે ૧૦૦થી વધુ ફ્લાઈટોને માઠી અસર થઈ છે જેથી યાત્રીઓને જુદી જુદી જગ્યાઓએ અટવાઈ જવાની ફરજ પડી છે. એક દિવસ સુધી રાહત મળ્યા બાદ ફરી એકવાર ધુમ્મસની સ્થિતિ સર્જાઈ ગઈ છે.

રન-વે ઉપર વિઝિબિલિટી ઘટીને ૫૦ મીટરથી પણ નીચે પહોંચી હતી. બીજી બાજુ તાપમાનમાં સતત ઘટાડો થયો છે. લડાખમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૮થી ૯ ડિગ્રી નીચે પહોંચ્યું છે. હિમાચલમાં પણ આવી જ સ્થિતિ બનેલી છે. ગુલમર્ગમાં હિમવર્ષાથી તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ રાજસ્થાનના જુદા-જુદા ભાગોમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ચુરૂમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ છે. અહીં ૧.૫ ડિગ્રી જેટલું લઘુત્તમ તાપમાન નોંધાયું છે. સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. ટ્રેનોની અવરજવરને પણ અસર થઈ છે.

છેલ્લા થોડાક દિવસથી રાજ્યમાં વાહન વ્યવહારને પણ માઠી અસર થઈ છે. ઉત્તર પશ્ચિમ રેલવેએ કેટલીક ટ્રેનોને રદ્દ કરી છે. જેમાં અજમેર-સિયાલદા એક્સપ્રેસનો સમાવેશ થાય છે. જ્યારે ત્રણ ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આઠ ટ્રેનો એક કલાકથી છ કલાક સુધી મોડેથી દોડી રહી છે. ધુમ્મસને કારણે માઠી સ્થિતિ સર્જાઈ છે. દિલ્હી-જયપુર, જયપુર-આગ્રા, જયપુર-કોટા, જયપુર-ઉદેપુર હાઈવે ઉપર ધુમ્મસના કારણે ટ્રાફીકજામની સ્થિતિ સર્જાઈ છે. રાજસ્થાન રાજ્યમાર્ગ પરિવહન નિગમના અધિકારીઓએ કહ્યું છે કે, પારો સતત ગગડી ગયો છે. માઉન્ટ આબુમાં રેકોર્ડ ત્રણ ડિગ્રી તાપમાન થયું છે. પિલાણીમાં ૪.૫, બિકાનેરમાં ૫.૧, શ્રીગંગાનગરમાં ૫.૪, જેસલમેરમાં ૬.૨, બાડમેરમાં ૭.૪, જયપુરમાં ૭.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજ્યમાં આગામી બે દિવસમાં ઠંડી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

# બરફના તોફાનથી અમેરિકા-કેનેડામાં અંધારપટ

## કેનેડામાં પાંચ અને અમેરિકામાં ૧૪ લોકોના હજુ સુધી મોત : ક્રિસમસની ઉજવણીમાં રંગમાં ભંગ પડ્યો: હજારોની સંખ્યામાં ફ્લાઈટો રદ્દ કરવાની ફરજ : ભારે અંધાધૂંધી : યુરોપના અન્ય દેશોને પણ પ્રતિકુળ અસર

ઓગસ્ટા, તા.૨૫

અમેરિકામાં ક્રિસમસની ઉજવણી શરૂ થઈ ચુકી છે પરંતુ લાખો અમેરિકી લોકો અંધારપટ હેઠળ આવી ગયા છે. બરફના તોફાનના કારણે લોકોની હાલત કફોડી બની ગઈ છે. મધ્ય અને ઉત્તરપૂર્વીય અમેરિકા, પૂર્વીય કેનેડા, બ્રિટેન સહિત યુરોપના ઘણા ભાગોમાં બરફના તોફાનથી જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. બરફના કુદરતી તોફાનના કારણે હજુ સુધી ઓછામાં ઓછા ૨૪ લોકોના મોત થઈ ગયા છે. એમ માનવામાં આવે છે કે, ખરાબ હવામાનની સ્થિતિ હજુ પણ યથાવત રહેશે. યુએસ નેશનલ વેધર સર્વિસે કહ્યું છે કે, હજુ વધારે હિમ વર્ષા થવાની આગાહી કરવામાં આવી છે. ક્રિસમસ પહેલા અમેરિકા અને કેનેડા તથા બ્રિટેનમાં લાખો લોકો અંધારપટમાં આવી ગયા છે. ટોરેન્ટોમાં માઈનસ ૧૫ ડિગ્રી તાપમાન થયુંછે. અહીં ૯૦ હજાર જેટલા લોકો અંધારપટમાં આવી ગયા છે. કાર્બન મોનોક્સાઈડ ગેસ લીક થવાના બનાવોની ફરીયાદ વધી છે. ટોરેન્ટોના મેયર રોબફોર્ડે કહ્યું છે કે, સ્થિતિ ખૂબ જ વિકટ બનેલી છે. ફાયર બ્રિગેડના અધિકારીઓએ કોઈપણ પ્રકારના એવા એપ્લાઈન્સનો ઉપયોગ ન કરવા કહ્યું છે કે જેથી ઘરમાં આગ લાગ લાગી શકે છે. વધારે પડતી મીણબત્તીનો પણ ઉપયોગ ન કરવા કહેવામાં આવ્યું છે. ટોરેન્ટોમાં ૯૦૦૦૦ કસ્ટમરો અંધારપટ હેઠળ છે. ઓટાવા, વિન્ડસોર, માનીટોબા, મિશીગનમાં લોકોની હાલત કફોડી બનેલી છે. અકસ્માતો પણ વધી ગયા છે. બીજી બાજુ અમેરિકામાં બરફના તોફાનના કારણે હજુ સુધી ૧૪ લોકોના મોત થઈ ચુક્યા છે. બ્રિટેનમાં પણ આવી જ સ્થિતિ થયેલી છે. નોર્થવેલ્સમાં છ લોકોના મોત થયા છે. સેંકડો ફ્લાઈટો રદ્દ કરવામાં આવી છે. અન્ય યુરોપિયન દેશોમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ ગઈ છે.

વોશિંગ્ટનથી પ્રાપ્ત અહેવાલ મુજબ, પ્રતિકુળ હવામાનના લીધે શ્રેણીબદ્ધ ફ્લાઈટો પણ રદ્દ કરવાની ફરજ પડી છે અને બરફના તોફાનના કારણે જનજીવન ખોરવાઈ પડ્યું છે. નેશનલ વેધર સર્વિસના જણાવ્યા અનુસાર, અમેરિકનો પોતાના ક્રિસમસ હોલીડે ડેસ્ટિનેશન પર જવા પૂર, ટોર્નેડો અને બરફના તોફાનો જેવી કુદરતી આફતોનો એકસાથે સામનો કરી રહ્યા છે. પ્રતિકૂળ હવામાનને કારણે અનેક ફ્લાઈટો રદ્દ કરાઈ છે.

